# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 10/03/2026** **Morning : 7.10 to 7.20**
**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

---

1. **રાજ્યની 71 નગરપાલિકાઓની મુદત પૂર્ણ થતાં વહીવટદારની નિમણૂક કરાઇ**
2. **ગુજરાત વિધાનસભામાં આજે ઉદ્યોગ, પ્રવાસન, વાહન વ્યવહાર સહિતના વિભાગની માગણીઓ પર ચર્ચા કરાશે**
3. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, ભારતને વિશ્વનું ત્રીજા ક્રમનું અર્થતંત્ર બનાવવામાં ગુજરાત શ્રેષ્ઠ યોગદાન આપશે**
4. **ઓઇલ રિફાઇનરીઓને LPG ઉત્પાદન વધારી ઘરેલુ વપરાશ માટે ઉપયોગ કરવા કેન્દ્ર સરકારનો નિર્દેશ**
5. **રાજ્યમાં આગામી ત્રણ દિવસ દરમિયાન હિટવેવની આગાહી**

----------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..

# NAGARPALIKA VAHIVAT DAR

રાજ્યની 71 નગરપાલિકાઓની મુદત પૂર્ણ થતાં વહીવટદારની નિમણૂક કરવામાં આવી છે.

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના સત્તાવાર હુકમ અનુસાર માર્ચ 2026માં મુદત પૂર્ણ થતી નગરપાલિકાની આગામી ચૂંટણીઓ બાદ કારોબારી સમિતિની રચના થાય ત્યાં સુધી નગરપાલિકાની કામગીરી સુચારુંરૂપે ચાલે તે માટે વહીવટદાર નિમાયા છે. જેમાં પ્રાંત અધિકારી અને મામલતદારને આ જવાબદારી સોંપવામાં આવી છે. જોકે આ વહીવટદાર કોઈ નીતિવિષયક નિર્ણય લઈ શકશે નહીં.

# VIDHAN SABHA

ગુજરાત વિધાનસભામાં આજે સવારે 9 કલાકથી કાર્યવાહીની શરૂઆત થશે. જેમાં સૌપ્રથમ આજે બીજા દિવસે માગણીઓ પર ચર્ચા અને મતદાન થશે. જેમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી હસ્તકના ઉદ્યોગ, પ્રવાસન, વાહન વ્યવહાર અને યુવક અને સાંસ્કૃતિક પ્રવૃતિ વિભાગની માંગણીઓ રજૂ કરાશે. તેમના વતી મંત્રી જીતુ વાઘાણી માગણીઓ પર ચર્ચાની કામગીરી સંભાળશે.

ઉપરાંત આજે બીજી બેઠક બપોરે અઢી વાગ્યે મળશે, જેમાં નાણાં, શહેરી વિકાસ અંગે શહેરી ગૃહ નિર્માણ, સામાજિક ન્યાય અને અધિકારિતા, શિક્ષણ અન્ન અને નાગરિક પુરવઠા સહિતના વિભાગની પ્રશ્નોત્તરી હાથ ધરાશે. ત્યારબાદ ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ, પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગના મંત્રી સંબંધિત માંગણી રજૂ કરશે.

# CM GIFT ECONOMIC FORUM

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, ભારતને વિશ્વનું ત્રીજા ક્રમનું અર્થતંત્ર બનાવવામાં ગુજરાત શ્રેષ્ઠ યોગદાન આપશે. એક ખાનગી સમાચાર ચેનલ દ્વારા આયોજિત **GIFT ECONOMIC FORUM** માં શ્રી પટેલે ગુજરાતની વિકાસગાથા અને રાષ્ટ્રવિકાસમાં ગુજરાતના યોગદાનની રૂપરેખા આપી.

તેમણે જણાવ્યું, રાજ્યમાં વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ જેવા વિવિધ આયોજનો અને 'ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ'ની નીતિના કારણે દેશ-વિશ્વના રોકાણકાર રાજ્યમાં મૂડીરોકાણ માટે તત્પર બન્યા છે. તેમણે દેશનું ગ્રોથ એન્જિન ગુજરાત આવનાર દિવસોમાં દેશનું "ટેક એન્જિન" પણ બનશે તેવો વિશ્વાસ પણ વ્યક્ત કર્યો.

# SHAMLAJI STOPPAGE

ઉદયપુર– અસારવા વંદે ભારત એક્સપ્રેસને અવરલલી જિલ્લાના શામળાજી ખાતે સ્ટોપેજ અપાયું છે. સાબરકાંઠા–અરવલ્લી લોકસભા વિસ્તારના સાંસદ શોભનાબેન બારૈયા દ્વારા શામળાજી ખાતે સ્ટોપેજ આપવા રેલવે મંત્રાલય સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી. જેના **20** દિવસમાં જ રેલવે મંત્રાલય દ્વારા સકારાત્મક નિર્ણય લઈને શામળાજી રોડ રેલવે સ્ટેશન ખાતે વંદે ભારત એક્સપ્રેસનું સ્ટોપેજ મંજૂર કરાયું છે.

આ અંગે શામળાજી મંદિરના ટ્રસ્ટી અનિલ પટેલે જણાવ્યું કે, આ નિર્ણયથી શામળાજી મંદિરના દર્શનાર્થે આવતા હજારો શ્રદ્ધાળુઓને ઝડપી, સુરક્ષિત મુસાફરી સુનિશ્ચિત થશે.

બાઇટ : અનિલ પટેલ, ટ્રસ્ટી, શામળાજી મંદિર

## SANGHVI POLICE

અમદાવાદમાં યોજાયેલી T-20 ક્રિકેટની ફાઇનલ મેચ દરમિયાન સલામતી સુનિશ્ચિત કરવા બદલ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ પોલીસની કામગીરીને બિરદાવી છે.

સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી સંઘવીએ જણાવ્યું, દરેક ક્રિકેટ રસિક સુરક્ષિત રીતે રમતનો આનંદ માણી શકે તે માટે સ્ટેડિયમમાં અને તેની આસપાસ ચાર હજારથી વધુ પોલીસ જવાન તૈનાત કરવામાં આવ્યા હતા.

તેમણે ઉમેર્યું, વરિષ્ઠ અધિકારીઓથી લઈને ગ્રાઉન્ડ સ્ટાફ સુધી, ફરજ પ્રત્યેની પોલીસની પ્રતિબદ્ધતા પ્રશંસનીય છે.

## GOVT-LPG

કેન્દ્ર સરકારે ઓઇલ રિફાઇનરીઓને LPG ઉત્પાદન વધારવા અને આવા વધારાના ઉત્પાદનનો ઘરેલુ વપરાશ માટે ઉપયોગ કરવાનો નિર્દેશ આપ્યો છે. ઇંધણ પુરવઠામાં હાલના ભૂરાજકીય વિક્ષેપો અને LPG પુરવઠા પરના અવરોધો વચ્ચે આ પગલું લેવાયુ છે.

સોશિયલ મીડિયા સંદેશમાં, પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે જણાવ્યું કે સરકારે ઘરેલુ LPG પુરવઠાને પ્રાથમિકતા આપી છે અને સંગ્રહખોરી અને કાળાબજારને ટાળવા માટે 25 દિવસનો ઇન્ટર-બુકિંગ સમયગાળો રજૂ કર્યો છે. તેમાં કહેવામાં આવ્યું છે કે આયાતી LPGમાંથી બિન-ઘરેલુ પુરવઠો હોસ્પિટલો અને શૈક્ષણિક સંસ્થાઓ જેવા આવશ્યક બિન-ઘરેલુ ક્ષેત્રોને પ્રાથમિકતા આપવામાં આવી રહ્યો છે.

મંત્રાલયે વધુમાં જણાવ્યું કે અન્ય બિન-ઘરેલું ક્ષેત્રોને LPG સપ્લાય કરવા માટે, ઓઇલ માર્કેટિંગ કંપનીઓના ત્રણ એક્ઝિક્યુટિવ ડિરેક્ટર્સની એક સમિતિની પણ રચના કરાઇ છે.

# MORBI CYRAMIC

પશ્ચિમ એશિયામાં તણાવગ્રસ્ત સ્થિતિની અસર મોરબીના સિરામિક ઉધોગ પર થઈ છે. વેસ્ટના જથ્થાની અછત ઉભી થવાથી પેપરમિલ ઉધોગને પણ અસર થવા પામી છે.

આ અંગે મોરબી પેકેજીંગ એસોસિએશન પ્રમુખ પાર્થ બારૈયાએ પ્રતિક્રિયા આપી.

બાઈટ : પાર્થ બારૈયા, પેકેજીંગ એસોસિએશન પ્રમુખ મોરબી

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

ગોન્ગ મ્યુઝિક

....................................

## BANASKANTHA WOMEN'S DAY

બનાસકાંઠા જિલ્લા કલેકટર મિહિર પટેલના અધ્યક્ષ સ્થાને પાલનપુર નગરપાલિકા ટાઉનહોલ ખાતે જિલ્લા કક્ષાનો આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ઉજવાયો. જેમાં મહિલાઓના સર્વાંગી વિકાસ અને સશક્તિકરણ અંગે વિગતવાર માહિતી આપવામાં આવી હતી.

આ પ્રસંગે શ્રી પટેલે જણાવ્યું, આજના સમયમાં પુરુષો જે કામ કરી શકે છે તે તમામ કામ મહિલાઓ પણ સમર્થ રીતે કરી શકે છે.

બાઇટ : મિહિર પટેલ, જિલ્લા કલેકટર

# DANG LAKHPATI DIDI

ડાંગ જિલ્લામાં મહિલાઓના ઉત્થાન માટે લખપતિ દીદી યોજના અંતર્ગત અત્યાર સુધીમાં 739 જેટલા સ્વસહાય જુથોને 18 કરોડ રૂપિયાથી વધુનું ભંડોળ અપાયું છે. જેમાં 118 જેટલા ગ્રામ સંગઠનોને 7 કરોડ 85 લાખ રૂપિયા ફાળવાયા છે, જેનાથી ડાંગ વન વિભાગ દ્વારા પણ લખપતિ દીદી યોજનાનો લાભ ડાંગની મહિલાઓને આપવામાં આવ્યો છે.

આ અંગે એક લખપતિ દીદી શર્મિલાબેને પ્રતિભાવ આપ્યો હતો.

બાઈટ: શર્મિલાબેન, લખપતી દીદી

# WEATHER

રાજ્યમાં આગામી ત્રણ દિવસ દરમિયાન હિટવેવની આગાહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આ દરમિયાન મહત્તમ તાપમાન બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસ સુધી વધી શકે છે.

રાજ્યના જે જિલ્લામાં હીટવેવની સ્થિતિની શક્યતા છે તેમાં બનાસકાંઠા, પાટણ, મહેસાણા, ગાંધીનગર, અમદાવાદ, વડોદરા, ભરૂચ, સુરત, જ્યારે સૌરાષ્ટ્રના સુરેન્દ્રનગર, પોરબંદર, જુનાગઢ, અમરેલી, ભાવનગર, મોરબીનો સમાવેશ થાય છે. અમદાવાદમાં આજે મહત્તમ તાપમાન 41 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી શકે છે.

# DR .VAJA - GIR SOMNATH

સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાએ ગીર સોમનાથ જિલ્લાના કોડિનાર તાલુકાના વિવિધ ગામોમાં લોક સુખાકારીના **7** કરોડ **17** લાખથી વધુના વિવિધ વિકાસ પ્રકલ્પોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું હતું.

શ્રી વાજાએ જણાવ્યું હતું કે, સ્થાનિક પ્રશ્નોનું સુખરૂપ નિરાકરણ આવે અને લોક સુખાકારીના કામ છેવાડાના ગામ સુધી પહોંચે તે રાજ્ય સરકારની નેમ છે. શ્રી વાજાએ 2 કરોડના ખર્ચે બનનાર બરડા પ્રાથમિક શાળાનું ખાતમુહૂર્ત અને મૂળ દ્વારકા ખાતે 1 કરોડ 50 લાખના ખર્ચે બનેલ પ્રાથમિક શાળાનું લોકાર્પણ કર્યું હતું.

તેમજ ૩૫ લાખના ખર્ચે દુદાણા પ્રાથમિક શાળાના રિપેરીંગ કામનો શુભારંભ કરાવ્યો હતો. આ ઉપરાંત દેવળી સંજવા વાવ એપ્રોચ રોડનું ખાતમુહૂર્ત પણ કર્યું હતું.

# RBI -AHMEDABAD

ભારતીય રિઝર્વ બેંક અમદાવાદ કચેરીએ રાષ્ટ્રીય પહેલ “દરેક ચુકવણી ડિજિટલ” હેઠળ ડિજિટલ ચુકવણી જાગૃતિ સપ્તાહ **(DPAW) 2026** નો શુભારંભ કર્યો. આ કાર્યક્રમ ગુજરાત રાજ્ય સહકારી બેંક નારણપુરા, અમદાવાદ ખાતે યોજાયો. ચુકવણી જાગૃતિ સપ્તાહની ઉજવણી સમગ્ર ભારતમાં **9** થી **15** માર્ચ દરમિયાન કરવામાં આવશે.

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના અનુસંધાનમાં **RBI** અમદાવાદ કચેરી દ્વારા આ કાર્યક્રમ **400** પ્રતિભાગીઓ માટે મહિલા-કેન્દ્રિત આઉટરીચ કાર્યક્રમ સાથે શરૂ

**કરવામાં આવ્યો, જેમાં સ્વયં સહાયતા સમૂહો (SHGs), આરસેટી (RSETI) તાલીમાર્થીઓ અને બેંક કર્મચારીઓનો સમાવેશ કરવામાં આવ્યો.**

**-------------------------------------------------------------**